

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ ૨૦૧૪-૧૫ માટે પ્રમુખ તરીકે શ્રી ધીરુભાઈ પરીખની વરણી

પ્રમુખપદ માટે પરિષદની બંધારણીય જોગવાઈ મુજબ સર્વશ્રી પ્રકાશ ન. શાહ, અનિલા દલાલ તથા કેશુભાઈ દેસાઈના નામો સૂચવાયાં હતાં. પરંતુ તેમને સંમતિ માટે મોકલાયેલા પત્રો મુજબ તેઓએ સંમતિ મોકલાવી નથી તેથી શ્રી ધીરુભાઈ પરીખને સર્વ સંમતિથી સન ૨૦૧૪-૧૫ના ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવે છે.

અમદાવાદ **કનુભાઈ શાહ**

તા. ૩૧-૭-૨૦૧૩ (ચૂંટણી અધિકારી)

ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી પ્રમુખ તરીકે ધીરુભાઈ પરીખની વરણી થઈ છે. તા. ૨૪/૨૫/૨૬ ડિસેમ્બર ૨૦૧૩માં આણંદમાં યોજાનારા અધિવેશનમાં વર્તમાન પ્રમુખ શ્રી વર્ષા અડાલજા પાસેથી તેઓ કાર્યભાર સંભાળશે.

**રાજેન્દ્ર પટેલ**

મહામંત્રી

## પત્રકારત્વ અને અનુવાદ અભ્યાસક્રમનો આરંભ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતો ‘પત્રકારત્વ અને અનુવાદ પ્રમાણપત્ર અભ્યાસક્રમ’નો આરંભ તા. ૧-૭-૨૦૧૩ના સોમવારના રોજ જાણીતા વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યક્ષસ્થાને થયો. તેમાં દૃષ્ટિ પટેલે આ બંને અભ્યાસક્રમ વિશે માહિતી આપી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે સ્વાગત-વક્તવ્ય આપ્યું હતું. ક. લા. સ્વાધ્યાયમંદિરનાં નિયામક પારુલબહેન દેસાઈએ આ બંને અભ્યાસક્રમની ભૂમિકા બાંધી આપી.

શ્રી વિષ્ણુ પંડ્યાએ પત્રકારત્વ વિશે પ્રાસંગિક વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, પત્રકારત્વ ભાષા માટે શસ્ત્ર અને શાસ્ત્ર બંને છે. પત્રકારે શબ્દોની સામે જીવવું પડે છે. લોકપ્રિય ભાષાનો ઉપયોગ કરવો પડે છે. પત્રકારત્વ અને સાહિત્ય વચ્ચે એક પાતળી ભેદરેખા છે. પત્રકારે સત્ય સાથે નાતો રાખવો પડે છે. ગુજરાત હંમેશાં સત્યથી જોડાયેલું છે એવું તેમણે વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું. છેલ્લે તેમણે પત્રકારત્વના હેતુ

વિશે જણાવ્યું હતું.

શ્રી દર્શના ત્રિવેદીએ અનુવાદ વિશે પ્રાસંગિક વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, અનુવાદ એ સર્જનથી હાંસિયામાં રાખવાની બાબત નથી. અનુવાદ પણ એક કળા છે. જે વારંવારના અધ્યયનથી સિદ્ધ થતી હોય છે. આપણી જ ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિને વિશ્વની અન્ય ભાષામાં અનુવાદિત કરીને બહોળા વાચક વર્ગ સુધી પહોંચતી કરી શકીએ છીએ.

શ્રી કુમારપાળ દેસાઈએ અધ્યક્ષીય વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, પત્રકારે હંમેશાં પોતાની આંખમાં એક સપનું લઈને નીકળવાનું હોય છે અને એને સિદ્ધ કરવા પુરુષાર્થ પણ કરવો પડે છે. તે પુરુષાર્થ સાર્થક જ નીવડે છે. તેને સત્ય અને નીડરતાથી પોતાનું કાર્ય કરવાનું હોય છે. ત્યાર બાદ ધીરે ધીરે તેને યશ, કીર્તિ અને સમૃદ્ધિ મળી જ રહે છે. સમાજમાં કંઈક નવું વૈચારિક આંદોલન જગાવવું એ તેની નિષ્ઠા બની રહે છે. તેમજ પત્રકારે સમયની સાથે ચાલતા રહેવું પડે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયમંત્રી શ્રી કીર્તિદા શાહે આમંત્રિત મહેમાનો તથા ઉપસ્થિત શ્રોતાઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

**– દિલીપ રાવત**

## એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત તા. ૧૭-૬-૨૦૧૩ના રોજ એક બેઠક મળી હતી. જાણીતા બાળસાહિત્યકાર નટવરભાઈ પટેલે આ બેઠકમાં ઉપસ્થિત બહેનોને બાળ-કિશોરસાહિત્ય, બાળકિશોર માટેનું નાટ્યસર્જન વિષયક માર્ગદર્શન આપ્યું હતું. નાટ્યનિરૂપણ, શૈલી, ક્રિયા-ઍક્શન, સંઘર્ષ, સંવાદો, વિષયવસ્તુ, પાત્રોની માંડણી વગેરે વિશે તેમણે વિગતે ચર્ચા કરી હતી. નાટકના આદિ, મધ્ય, અંત કેવી રીતે વિકસાવવાં જોઈએ, બાળકિશોરસાહિત્યમાં કઈ બાબતો આવરવી અને ટાળવી જોઈએ, જોડકણાં-ઉખાણાંનો ઉપયોગ, વિવિધ રસ નિષ્પન્ન કરવા, નાટ્યલેખન માટે સજાગતા વગેરે અંગે ઉદાહરણ સાથે વાત કરી પોતાના નાટકનું પઠન કર્યું હતું.

આ બેઠકમાં ઉપસ્થિત લેખિકાઓએ રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી હતી. પ્રારંભે શ્રી પારુલ દેસાઈએ પરિચયવિધિ કરાવ્યો હતો. બેઠકમાં ૧૫ ઉપરાંત બહેનો ઉપસ્થિત હતી.

એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત મહિલાઓ માટે મૌલિક વધુ નાટ્યલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત તા. ૧૫-૭-૨૦૧૩ના રોજ પરિષદ ખાતે જાણીતા લેખક-બાળસાહિત્યકાર શ્રી નટવર પટેલની ઉપસ્થિતિમાં લેખિકાઓએ પોતાનાં સ્વરચિત નાટકોનું પઠન કર્યું હતું.

આ બેઠકમાં નયના મહેતાએ ‘વડની વર્ષગાંઠ’, ગિરિમા ઘારેખાને ‘અમે શું કરીએ ?’, ઉર્વશી શાહે ‘રોબોટ ધ હીરો હીરાલાલ’, સુધા ભટ્ટે ‘હલકમાં ઠંડક’, ઊર્મિ પંડિતે ‘અમિતાભ બચ્ચન’, ડૉ. લીના ત્રિવેદીએ ‘કીકીલોકનું રક્ષણ’, દીના પંડ્યાએ ‘દાદીની હિપ હિપ હૂરે’ અને પ્રજ્ઞા પટેલે ‘ચાલો, રમીએ નાટક’નું વાંચન કર્યું હતું. નાટકોનાં વાંચન પછી લેખિકાઓએ અને શ્રી નટવર પટેલે નાટકના વિષય, વસ્તુ, પાત્રો, સંવાદ વગેરે વિષયક રસપ્રદ ચર્ચા કરી હતી. લગભગ તમામ નાટકનાં વિષય ખૂબ રસપ્રદ જણાયા હતા. નટવરભાઈ પટેલે યોગ્ય માર્ગદર્શન આપી લેખિકાઓને પ્રોત્સાહિત કરી હતી.

**– પ્રજ્ઞા પટેલ**

## પરિષદના આગામી કાર્યક્રમો

## એનીબહેન સરૈયા પ્રોત્સાહન નિધિ

સંયોજક : પારુલ કંદર્પ દેસાઈ. પ્રજ્ઞા પટેલ તા. ૧૯-૮-૨૦૧૩ના સોમવારે અપ્રકાશિત કૃતિઓનું પઠન સાંજે ૪.૦૦ કલાકે.

## પાક્ષિકી

સંયોજક : દીવાન ઠાકોર. તા. ૧-૮-૨૦૧૩ના રોજ પૂજા તત્સત વાર્તાનું સાંજે ૬.૦૦ કલાકે પઠન કરશે.

તા. ૧૫-૮-૨૦૧૩ના રોજ ગુરુવારે હસમુખ રાવળ એમની રચનાઓનું પઠન કરશે.

## વિશ્વકવિતા કેન્દ્ર

તા. ૭, ૧૪, ૨૧, ૨૮-૮-૨૦૧૩ના રોજ સાંજે ૭.૦૦ કલાકે બુધસભા.